૫૭/આજ્ઞિ

બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓની ભરતીને બહાલી આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંક: બમશ-૧૧-૨૦૦૯-૩૫૧૬૨૦-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૧૫.૧૦.૨૦૦૯

વંચાણે લીધા:-

૧. તા. ૨૫.૮.૨૦૦૯ નો સમાનાંકી ઠરાવ.
૨. તા. ૩.૧૦.૨૦૦૯ નો સમાનાંકી ઠરાવ

**સુધારા ઠરાવ :-**

બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કરવામાં આવતી શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક સ્ટાફની નિમણૂકોને અગાઉ ઓડીટને આધીન બહાલી આપવાની જે જોગવાઈ કરવામાં આવેલ હતી તેમાં ઉકત વંચાણે લીધેલ સરખા ક્રમાંકના તા.૨૫.૮.૨૦૦૯ ના ઠરાવથી તેમજ સરખા ક્રમાંકના તા. ૩.૧૦.૨૦૦૯ ના ઠરાવથી ફેરફાર કરવામાં આવેલ છે. તા. ૨૫.૮.૨૦૦૯ ના ઠરાવના મુદ્દા નં. ૬ માં ત્રણ વર્ષના સ્થાને એક વર્ષ વંચાણે લેવું અને નીચે મુજબ સુધારો વાંચવાનો રહેશે.

"આ જોગવાઈમાં સુધારો કરી ઉકત ત્રણ વર્ષની જોગવાઈમાં ફેરફાર કરી એક વર્ષ કરવામાં આવે છે. અર્થાત, વયનિવૃત્તિને એક વર્ષ બાકી હોય તેવા તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ધ્વારા આખરી બહાલી ન આપતા તેવી દરખાસ્તો, જરુરી ચકાસણી બાદ, કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીને મોકલવાના રહેશે અને કમિ. શાળાઓની કચેરીની ઓડીટ શાખા ધ્વારા ચકાસણી કર્યા બાદ બે **માસના સમયમાં અચૂક બહાલી આપવાની રહેશે.** નિવૃત્તિને એક વર્ષ બાકી હોય તેવા તમામ જીલ્લા શિક્ષણાધિકારીશ્રીએ કામચલાઉ બહાલી અટકાવવાની રહેશે નહીં તથા જે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને નિવૃત્તિને એક વર્ષથી વધુ સમય બાકી હોય તેમણે કામચલાઉ બહાલી તથા ઠરાવમાં જણાવેલ અન્ય શરતો મુજબ પૂરતી ચકાસણી કર્યા બાદ કાયમી બહાલી આપવાની કામગીરી કરવાની રહેશે પરંતુ આવી કાયમી બહાલી સહાયક સંવર્ગની પાંચ વર્ષથી સેવા પૂર્ણ થયા બાદ આપવાની રહેશે."

કાયમી બહાલી માટે અનુસરવાની થતી કાર્યવાહી તથા ઉકત જોગવાઇ સિવાયની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એન.પી.વાછાણી )

નાયબ સચિવ.

શિક્ષણ વિભાગ.

પ્રતિ,

કમિશ્નરશ્રી, મ.ભો.યોજના અને શાળાઓની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

સંયુકત નિયામકશ્રી (ઓડીટ), કમિ. મ.ભો.યોજના અને શાળાઓની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, સેકટર નં. ૧૦, ગાંધીનગર.

તમામ જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, ......................

પસંદગી ફાઇલ.